**એમ.એ.સી.પી. પર.અરજ નં. ૬૦૩/૨૦૨૬**

GJBK010037562026

**આંક. ૧ લગત હુકમ**

(૧) અરજદાર તથા તેમના તરફે એડવોકેટ શ્રી સી.એસ. પરમાર ને સાંભળ્યા. આ કામના અરજદારે દાખલ કરેલ એમ.એ.સી.પી. નં. ૧૨૭/૨૦૨૩ ના કામે થયેલ હુકમ મુજબ સામાવાળાએ કોર્ટમાં એવોર્ડની રકમ જમા કરાવતાં, જેમાં અરજદારના નામે રૂા. ૮૫,૦૦૦/- પાંચ વર્ષ માટે ફીકસ ડીપોઝીટ તરીકે બેંક ઓફ બરોડા, નવાવાસ અડેરણ શાખામાં ફીકસ ડીપોઝીટ કરવામાં આવેલ છે. અરજદારનું ગોધણી મુકામે આવેલ મિલ્કત નં. ૨૨૬ વાળું મકાન જર્જરીત હાલતમાં હોઈ અને વરસાદની સીઝનમાં ગમે ત્યારે પડી શકે તેમ હોઈ, અરજદાર સિનિયર સીટીઝન હોઈ તેમજ તેમની પાસે કોઈ અન્ય બેન્ક બેલેન્સ ન હોઈ સદરહું ખર્ચને પહોંચી વળવા માટે નાણાંની જરૂર હોઈ, સદર ફીકસ ડીપોઝીટની રકમ મેળવવા અરજ કરેલ છે. અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં આંક. ૩ ના લીસ્ટથી પેમેન્ટ ઓર્ડર, ફીકસ ડીપોઝીટની નકલ, આધાર કાર્ડ, પાનકાર્ડ અને બેન્ક પાસબુકની નકલ તેમજ ગોધણી ગ્રામ પંચાયતનો જમીનની આકારણી રજુ કરેલ છે.

(૨) એમ.એ.સી.પી. નં. ૧૨૭/૨૦૨૬ ના કામે તા. ૦૮/૦૫/૨૦૨૪ ના રોજ પેમેન્ટ ઓર્ડર થયેલ છે તે આધારે તા. ૨૯/૦૭/૨૦૨૪ ના રોજ રૂા. ૮૫,૦૦૦/- બેંક ઓફ બરોડા, નવાવાસ અડેરણ શાખામાં પાંચ વર્ષ માટે ફીકસ ડીપોઝીટમાં મુકવામાં આવેલા હતા. અરજદારની અરજી ઉપર ડેપ્યુટી રજીસ્ટ્રારે કરેલો શેરો જોતાં, કેસ રજીસ્ટરે તથા રીટ રજીસ્ટર ચકાસણી કરતાં કોઈ અપીલ કે રીવીઝન નામદાર હાઈકોર્ટમાં થયેલ નથી. આમ, આ તબકકે કોઈ ઉપરી

**(અમિત જે. કાનાણી)**
એમ.એ.સી.ટી. (ઓકઝી)
પાલનપુર.

કોર્ટમાં અપીલ થયેલ નથી કે ઉપરી કોર્ટનો કોઇ સ્ટે નથી. આ કામે અરજદાર તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા જોતાં, અરજદારની રજુઆત મુજબ ગોધણી મુકામે આવેલ મિલ્કત નં. ૨૨૬ વાળું મકાન જર્જરીત હાલતમાં હોઇ અને વરસાદની સીઝનમાં ગમે ત્યારે પડી શકે તેમ હોઇ, તાત્કાલિક મકાનને રીપેર કરવાની જરૂરિયાત ઉભી થયેલ હોઇ, મકાન રીપેર કરવા તેમજ અરજદાર સિનિયર સીટીઝન હોઇ તેમજ તેમની પાસે કોઇ અન્ય બેન્ક બેલેન્સ ન હોઇ સદરહું ખર્ચને પહોંચી વળવા માટે નાણાંની જરૂર છે. અરજદાર તરફે ગોધણી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીશ્રીએ આપેલ મિલ્કત નં. ૨૨૬ ના આકારણી દાખલો રજુ કરેલ છે જે જોતાં સદરહું મિલ્કત હાલના અરજદારના નામે છે. વધુમાં, અરજદાર સિનિયર સીટીઝન હોઇ તેમજ તેમની પાસે કોઇ અન્ય બેન્ક બેલેન્સ ન હોઇ સદરહું ખર્ચને પહોંચી વળવા માટે નાણાંની જરૂર હોવાનું જણાવેલ છે જે હકીકત ધ્યાને લેતાં, તેમજ વળતર અરજીના કામે મુકવામાં આવતી ફીકસ ડીપોઝીટની રકમ એ અરજદાર કે ઈજાનો ભોગબનનાર લોકોના ભવિષ્યના કલ્યાણ માટે ફાળવવામાં આવેલી રકમ છે. મોટર વ્હીકલ એકટ એ કલ્યાણકારી હેતુ માટે અરજદારને નાણાંકીય સહાય પૂરી પાડવાનો ઉદ્દેશ ધરાવે છે. અરજદારને વળતર તરીકે આપવામાં આવેલા નાણાં તેના પોતાના હોવા છતાં તે ગમે ત્યારે પ્રાપ્ત કરવાનો અરજદારને અબાધિત અધિકાર નથી. તેથી મોટર વ્હીકલ એકટ હેઠળ કરવામાં આવતા એવોર્ડના નાણાંનો મોટાભાગે દુરૂઉપયોગ થતો હોવાના કારણસર નામદાર ગુજરાત હાઇકોર્ટે **મુળજીભાઇ અજરામભાઇ હરીજન વિરૂધ્ધ યુનાઇટેડ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કંપની લી., ૧૯૮૨(૧), જી.એલ.આર. પાન નં. ૭૫૬** તથા નામદાર સર્વોચ્ચ અદાલતે **લીલાબેન ઉદેસિંહ વિરૂધ્ધ ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની, ૧૯૯૬(૩), એસ.સી.સી. પાન નં. ૬૦૮** ના ચુકાદાઓથી નાણાંની ફાળવણી સંબંધેના માર્ગદર્શક સિધ્ધાંતો ઘડી

**(અમિત જે. કાનાણી)**
એમ.એ.સી.ટી. (ઓકઝી)
પાલનપુર.

કાઢેલા છે તે ધ્યાને લેતાં, સરળતાથી આવા નાણાં આપી દેવામાં આવે તો નામદાર સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક સિધ્ધાતોનું પણ ઉલ્લંઘન થવાની સંભાવના જણાય આવે છે તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટે **મુકતાબેન હિંમતલાલ વિરૂધ્ધ ફતેસિંહ, ૨૦૦૦(૧), જી.એલ.આર. પાન નં. ૩૯૩** થી પ્રતિપાદિત કરેલા સિધ્ધાંતો ધ્યાને લેતાં, અરજદાને ફીકસ ડીપોઝીટમાં મુકવામાં આવેલા નાણાં પાકતી મુદત પહેલાં મેળવવાનો હકક નથી. પરંતુ અરજદાર સીનીયર સીટીઝન છે અને તેમને બીજી કોઇ આવકનું સાધન નથી અને તેમનું મકાન જર્જરીત થઇ ગયેલ હોય અને વરસાદની સીઝનમાં પડી જાય તેમ હોય મકાન રીપેરીંગ કરાવવું જરૂરી જણાય છે અને તે માટે તેમને નાણાંની અત્યંત આવશ્યકતા છે જે હકીકત ધ્યાને લેતાં, તથા અરજદારની આર્થિક સ્થિતિ ધ્યાને લેતાં, અરજદારને ફીકસ ડિપોઝીટની રકમ એફ.ડી. તોડી આપવામાં આવે તો તે ન્યાયિક જણાય છે. અરજદારને ફીકસ ડિપોઝીટ તોડીને પૈસા આપવામાં ન આવે તો અરજદાર તેના જ પૈસા તેમના માટે વાપરી શકે નહી, તે ધ્યાને લેતાં નીચે મુજબ હુકમ કરૂ છું.

**-:: હુ ક મ ::-**

૧. અરજદારની અરજી મંજૂર કરવામાં આવે છે.

૨. અરજદાર **મહાદેવભાઈ ચમનાજી રબારી, રહે. ગોધણી, તા. દાંતા, જિ. બનાસકાંઠા** નાઓને **એમ.એ.સી.પી. નં. ૧૨૭/૨૦૨૩** ના કામે થયેલ હુકમ પ્રમાણેની બેંક ઓફ બરોડા, નવાવાસ અડેરણ શાખામાં અરજદારના નામે બેંક એફ.ડી.ની રકમ રૂા. ૮૫,૦૦૦/- ફિકસમાં પડેલ છે, જેનો **કસ્ટમર આઇ.ડી. નં. JW3D16650** છે, જે તા. ૨૯/૦૭/૨૦૨૪ ના રોજથી મુકેલ છે, સદર એફ.ડી.ની પુરેપુરી રકમ અરજદારને ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

**(અમિત જે. કાનાણી)**
એમ.એ.સી.ટી. (ઓકઝી)
પાલનપુર.

– હુકમ મુજબ બેંકને યાદી કરવી.

આ હુકમ આજ તા. ૧૧ મી માહે જૂન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ : પાલનપુર
તારીખ : ૧૧/૦૬/૨૦૨૬

**(અમિત જે. કાનાણી)**
એમ.એ.સી.ટી.(ઓકઝી) અને
ત્રીજા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ,
બનાસકાંઠા–પાલનપુર
(કોડ નં. જી.જે. ૦૦૬૬૨)

**(અમિત જે. કાનાણી)**
એમ.એ.સી.ટી. (ઓકઝી)
પાલનપુર.